ભારત અને સંયૂક્ત અરબ અમીરાત (યુએઈ)ના સંબંધ મજબૂત થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુએઈના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનની વચ્ચે મંગળવારે અમદાવાદમાં મુલાકાત થઈ, જેમાં બંને દેશોની વચ્ચે ૪ કરાર થયા. તેમાંથી એક ગુજરાત સરકાર અને દુબઈ સ્થિત મલ્ટીનેશનલ લોજિસ્ટિક્સ કંપની ડીપી વર્લ્ડની વચ્ચે થયેલા કરાર સામેલ છે. વડાપ્રધાન મોદી અને અલ નાહયાનની વચ્ચે ૭ મહિનાથી પણ ઓછા સમયમાં આ ચોથી મુલાકાત હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધારતા વડાપ્રધાન મોદીએ ગાંધીનગરમાં સંયૂક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ અને અબૂ ધાબીના વડા મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનની સાથે ચર્ચા કરી. ૭ મહિનાથી પણ ઓછા સમયમાં આ ચોથી વખત બંને દેશના વડા વચ્ચે મુલાકાત યોજાઈ છે. જેમાં બંને નેતાઓએ ઝડપથી બદલાઈ રહેલી ભારત-યુએઈ ભાગીદારીની સરાહના કરી અને સમૃદ્ધ ભવિષ્ય માટે પોતાની પ્રતિબદ્ધતા બતાવી.

જયસ્વાલે એક અન્ય પોસ્ટમાં કરારની જાણકારી આપતા જણાવ્યું કે ભારત અને યુએઈની વચ્ચે ૩ કરાર રિન્યુએબલ એનર્જી સેક્ટર, નવીન હેલ્થ કેર પ્રોજેક્ટ્સ અને ફૂડ પાર્ક વિકાસમાં રોકાણથી જોડાયેલો છે. વડાપ્રધાન મોદીએ અમદાવાદ એરપોર્ટ પર યૂએઈના રાષ્ટ્રપતિ અને અબૂ ધાબીના વડાનું સ્વાગત કર્યુ અને બંને નેતાઓએ સાંજે એક રોડ શોમાં ભાગ લીધો. તમને જણાવી દઈએ કે મોહમ્મદ બિન જાયદ ૧૦માં વાઈબ્રન્ટ ગુજરાત વૈશ્વિક શિખર સંમેલનના મુખ્ય મહેમાન છે.

# 'સત્યશોધક' ફિલ્મને મહારાષ્ટ્રમાં ટેક્સ ફ્રી કરી

રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી છગન ભુજબળની માંગણીને સફળતા મળી છે. દેશમાં સ્ત્રી શિક્ષણની ભાવના જગાવનાર અને બહુજન માટે શિક્ષણના દરવાજા ખોલનાર ક્રાંતિસૂર્ય મહાત્મા જ્યોતિબા ફુલે અને ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફુલેના જીવન પર આધારિત ફિલ્મ 'સત્યશોધક'ને કરમાંથી મુક્તિ આપવામાં આવી છે. રાજ્ય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મંત્રી છગન ભુજબળે આ નિર્ણય માટે મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી અજીત પવારનો આભાર માન્યો હતો. છગન ભુજબળે સરકાર પાસે ફિલ્મ સત્યશોધકને ટેક્સમાં છૂટ આપવાની માંગ કરી હતી.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વિદ્યુતીકૃત રેલવે ટ્રેકની આસપાસ પતંગ ચગાવવાના સંદર્ભમાં સાર્વજનિક સૂચના**

જાહેર જનતાને જાણ માટે સૂચના આપવામાં આવે છે કે અમદાવાદ ડિવિઝનના ગેરતપુર - અમદાવાદ - સાબરમતી - ગાંધીનગર, સાબરમતી - ખોડિયાર - કલોલ, ગાંધીનગર - કલોલ, કલોલ - મહેસાણા, મહેસાણા - પાલનપુર, પાલનપુર - સામખીયાળી, અમદાવાદ - વિરમગામ - ગાંધીધામ - ભુજ , મહેસાણા - વડનગર - વરેઠા, મહેસાણા - વિરમગામ વિભાગો પર ઓવરહેડ વોલ્ટેજ વિદ્યુત તારોના માધ્યમથી 25000 વોલ્ટ, એસી પાવર સપ્લાય પર રેલવે ટ્રેકને વિદ્યુતીકૃત કરવામાં આવેલ છે.

ત્યાં ઓવરહેડ ટ્રેકશન તારોમાં ફસાયેલ પતંગો અને દોરાને હટાવવા માટેનું કાર્ય જોવા મળે છે. જેનાથી માનવ જીવનને નુકશાન થઈ શકે છે. 25 કેવી ઓવર હેડ ટ્રેકશન તારોમાં ફસાયેલ પતંગો અને દોરાને નિકાળતા સમયે માનવ જીવન માટે જોખમ બની રહે છે અને ઓવરહેડ ટ્રેકશન તાર તૂટી શકે છે. જેનાથી રેલવે આવાગમન ગંભીરરૂપથી બંધ થઈ શકે છે અને માનવજીવનને નુકશાન પહોંચી શકે છે.

તદ્ઉપરાંત એ પણ સૂચના આપવામાં આવે છે કે કેટલાક પતંગના દોરા ધાતુ પાઉડર કોટિંગથી યુક્ત હોય છે. જે કારણે ઓવર હેડ ટ્રેકશન તારોની આસ-પાસ પતંગ ચગાવતી સમયે માનવ જીવનને નુકશાન પહોંચી શકે છે.

જેથી જાહેર જનતાને વિનંતી છે કે તે રેલવે ટ્રેકની સમીપ પતંગ ચગાવવાથી દૂર રહો. રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેકશન તારો પરથી પતંગ કાઢવી માનવ જીવનને જોખમ થઈ શકે છે તથા અન્ય લોકોને પણ આવું ન કરવા સલાહ આપવા વિનંતી છે.

243

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# યૂઝર્સ મૂડ પ્રમાણે વ્હોટશેપનો રંગ-થીમ બદલી શકશે

નવી દિલ્હી, વ્હોટ્સએપ પોતાના યૂઝર્સ માટે સતત નવા ફીચર્સ રજૂ કરતુ રહે છે, જેનાથી યૂઝર્સનો આ મેસેજિંગ પ્લેટફોર્મથી લગાવ જળવાઈ રહે છે. ૨૦૨૪માં વ્હોટ્સએપ એક ગજબ ફીચર્સ સાથે આવવાનું છે. જેના દ્વારા યૂઝર્સ પોતાના મૂડના હિસાબે વ્હોટ્સએપનો કલર અને થીમ બદલી શકશે. આ ફીચર દ્વારા યૂઝર્સને ગ્રીન, બ્લૂ, વ્હાઈટ, કોરલ અને પર્પલ કલરમાં પોતાના વ્હોટ્સએપને બદલવાનું ઓપ્શન મળશે.

વ્હોટ્સએપ વિશે જાણકારી આપનારી વેબસાઈટ અનુસાર આ ફીચરને આઈઓએસના વ્હોટ્સએપ બીટા વર્જન ૨૪.૧.૧૦.૭૦ માં જોવામાં આવ્યુ છે. બીટા વર્જનના રિપોર્ટમાં લેવામાં આવેલા સ્ક્રીનશોટ પર જોવામાં આવ્યુ કે યૂઝર્સને ૫ કલરનો વિકલ્પ મળી શકે છે.

વ્હોટ્સએપની આ થીમ કસ્ટમાઈઝેશન ફીચરની મદદથી યૂઝર્સ વ્હોટ્સએપનો કલર બદલી શકશે. આ ફીચરના કારણે વ્હોટ્સએપનો સંપૂર્ણ લુક જ બદલાઈ જશે કેમ કે અત્યાર સુધી લોકોએ વ્હોટ્સએપનો માત્ર એક જ થીમ અને રંગમાં ઉપયોગ કર્યો છે. દરમિયાન નવો કલર અને થીમ યૂઝર્સ માટે ખૂબ કમાલનું સાબિત થઈ શકે છે. આ સિવાય અમુક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વ્હોટ્સએપ એક નવા ફીચર પર કામ કરી રહ્યુ છે. જેનું નામ બબલ કલર ચેન્જ ફીચર છે. આ ફીચર દ્વારા વ્હોટ્સએપ યૂઝર્સને પર્સનલાઈઝ્ડ એક્સપીરિયન્સ મળશે. તેનો અર્થ છે કે યૂઝર્સ પોતાના હિસાબે વ્હોટ્સએપનો ઉપયોગ કરી શકશે. જોકે, વ્હોટ્સએપ હજુ પોતાના આ તમામ ફીચર્સ પર કામ કરી રહ્યુ છે.

# લાઈસન્સ વગર પતંગ ઉડાડવી તમને મુશ્કેલીમાં મૂકી દેશે

અમદાવાદ,

દેશભરમાં મકરસંક્રાતિની ધૂમ છે. લોકો ઉત્તરાયણ આવવાના ૧૦ દિવસ પહેલા જ પતંગ ઉડાવવાનું શરૂ કરી નાખે છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લોકો પતંગ ચગાવે છે. જોકે તમને એ ખબર છે કે મંજૂરી વગર પતંગ ઉડાવવી ગુનો છે.

આ માટે તમને દંડ પણ થઈ શકે છે. જાણીને નવાઈ લાગશે કે, પતંગ ઉડાવવા માટે પણ તમારે પરમિટની જરૂર હોય છે. ખરેખર, ભારતીય એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ હેઠળ ભારતમાં પતંગ ઉડાડવી ગેરકાયદેસર છે. જો તમે તેના માટે લાયસન્સ મેળવ્યું હોય તો જ તમે પતંગ ઉડાડી શકો છો. જો તમે કાયદાનું ઉલ્લંઘન કરો છો, તો તમને ૨ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ સિવાય ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. તમે વિચારતા હશો કે પતંગ ઉડાવવી ગેરકાયદેસર કેવી રીતે હોઈ શકે? તેનું કારણ એ છે કે કાયદા હેઠળ તે વિમાનના દાયરામાં પણ આવે છે. ભારતીય એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ હેઠળ આપવામાં આવેલી 'વિમાન'ની વ્યાખ્યામાં પતંગનો પણ સમાવેશ થાય છે. માત્ર પતંગ જ નહીં, ઉડતા બલૂન, ગ્લાઈડર પણ એરક્રાફ્ટની શ્રેણીમાં આવે છે. શું છે આ કાયદાની તે જોગવાઈ કે જેના હેઠળ પતંગ ઉડાવવાથી જેલ પણ થઈ શકે છે. ઈન્ડિયન એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ની કલમ ૧૧ કહે છે કે, 'જે કોઈ વ્યક્તિ જાણીજોઈને કોઈ પણ વિમાનને એવી રીતે ઉડાડે છે કે જેનાથી કોઈ વ્યક્તિ અથવા જમીન, પાણી અથવા હવામાં કોઈપણ સંપત્તિને નુકસાન થાય, તો તેને ૨ વર્ષ સુધીની સજા અથવા દંડ રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. આ ઉપરાંત, સજા દંડ અથવા બંને હોઈ શકે છે. આ કાયદો ૨૦૦૮માં બદલાયો હતો જેમાં સજા અને દંડમાં વધારો કરવામાં આવ્યો હતો. તે પહેલા, ૬ મહિના સુધીની જેલ અને ૧૦,૦૦૦ રૂપિયા દંડની સજા હતી. બ્રિટિશ કાળથી ખતરનાક રીતે પતંગ ઉડાડવા પર સજા આપતો બહુ જૂનો કાયદો છે, પરંતુ મોટાભાગના લોકો તેના વિશે જાણતા નથી. આ જ કારણ છે કે, લાયસન્સ વગર પતંગ ઉડાડવામાં આવે છે. લાઈસન્સ ક્યાંથી મેળવવું તે અંગે કંઈ સ્પષ્ટ નથી. આ માટે સિવિલ એવિએશન ઓથોરિટી પાસેથી લાઈસન્સ મેળવવું પડશે. ૨૦૧૮ માં કેટલાક કાર્યકરોએ મોટા પાયે પતંગ ઉડાવવા માટેના લાઈસન્સ માટે નાગરિક ઉડ્ડયન સત્તામંડળને અરજી કરી હતી. તેમનો હેતુ આ જૂના કાયદાની અસંગતતા તરફ સત્તાવાળાઓ અને લોકોનું ધ્યાન દોરવાનો હતો. કેટલાક રાજ્યોમાં, સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી લાયસન્સ પણ મેળવી શકાય છે. પતંગ ઉડાડવું એ રોમાંચથી ભરપૂર છે પણ ખતરનાક પણ છે. ઘણી વખત બાળકો અથવા તો ક્યારેક પુખ્ત વયના લોકો પણ પતંગ ઉડાવવાનો પ્રયાસ કરતી વખતે છત પરથી પડી જાય છે. અન્ય લોકોના પતંગની દોરી સરળતાથી કાપવા માટે પણ લોકો ખતરનાક માંજાનો ઉપયોગ કરે છે. ખાસ કરીને ચાઈનીઝ દોરી ખૂબ જ ખતરનાક હોય છે. આના ઝપેટમાં આવવાથી દર વર્ષે સેંકડો પક્ષીઓ મૃત્યુ પામે છે. રોડ પર લટકેલા માંજાને કારણે કેટલીકવાર અકસ્માતો સર્જાય છે.

## DRDOએ માત્ર ૧૦૦ દિવસમાં 'ઉગ્રમ' રાઈફલ બનાવી દીધી

ભારતીય સંરક્ષણ સંશોધન સંસ્થાએ નવી અસોલ્ટ રાઈફલ તૈયાર કરી છે, જે દુશ્મનોના હોંશ ઉડાવી દેશે. તેને ઉગ્રમ નામ આપવામાં આવ્યુ છે. રસપ્રદ વાત એ છે કે ડીઆરડીઓએ તેને માત્ર ૧૦૦ દિવસમાં તૈયાર કરીને બતાવી છે. મંગળવારે તેને લોન્ચ કરવામાં આવશે. ૪ કિલો વજનની આ રાઈફલની રેન્જ ૫૦૦ મીટર છે. આ અસોલ્ટ રાઈફલને તૈયાર કરવા માટે DRDOએ હૈદરાબાદના આર્મામેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબલિશમેન્ટે હૈદરાબાદની ખાનગી કંપની DAIPની સાથે ભાગીદારી કરી હતી. આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ તૈયાર થયેલી આ રાઈફલ સિંગલ અને ફૂલ ઓટો મોડમાં ફાયરિંગ કરે છે. ૭.૬૨૫૧ મિલિમીટર કેલિબરવાળી આ રાઈફલમાં ૨૦ રાઉન્ડની મેગઝીન લાગેલી છે. એઆરડીઈના ડાયરેક્ટર અંકથિ રાજૂએ કહ્યું કે ૧૦૦ દિવસમાં ઉગ્રમ રાઈફલને તૈયાર કરવી મોટી સિદ્ધિ છે. ઝડપી જ તેને અમે સેનાના હાથમાં પહોંચાડવા ઈચ્છીએ છે. તેનાથી સાબિત થાય છે કે ભારત હથિયારોના મામલે કેવી રીતે આત્મનિર્ભર બની રહ્યું છે. ખાસ વાત એ છે કે નવી રાઈફલમાં ૫.૬૨ એમએમ કેલિબરવાળી ગોળીઓનો ઉપયોગ કરવામાં આવશે.

# ૨૫ માર્ચે વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ થશે

નવી દિલ્હી, ચંદ્રગ્રહણ ખગોળીય અને ધાર્મિક બંને રીતે ખુબ મહત્વ છે. જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહણની ઘટનાને ખુબ ખાસ માનવામાં આવે છે. નવું વર્ષ શરુ થઇ ગયું છે અને વૈદિક પંચાંગની ગણના અનુસાર વર્ષ ૨૦૨૪માં ૫ ગ્રહણ લાગશે જેમાં ૩ ચંદ્રગ્રહણ હશે અને ૨ સૂર્યગ્રહણ. પહેલું ચંદ્રગ્રહણ ૨૫ માર્ચના રોજ થશે. ૨૫ માર્ચે ચંદ્ર કન્યા રાશિમાં હાજર રહેશે, જ્યાં પહેલાથી જ રાહુ બિરાજમાન છે. આ વર્ષે ચંદ્ર ગ્રહણ પર હોળીનો તહેવાર છે. પંચાંગની ગણતરી મુજબ વર્ષ ૨૦૨૪માં હોળીનો તહેવાર ૨૫ માર્ચે ઉજવવામાં આવશે અને તે જ દિવસે ચંદ્રગ્રહણ પણ થશે. વૈદિક કેલેન્ડર અનુસાર, ફાગણ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાની તારીખ ૨૪ માર્ચે રાત્રે ૦૯:૫૭ વાગ્યે શરૂ થશે અને ૨૫ માર્ચના રોજ સવારે ૧૨:૩૨ વાગ્યે સમાપ્ત થશે. આ રીતે, હોળીનો તહેવાર ૨૫ માર્ચે ચંદ્રગ્રહણની છાયામાં ઉજવવામાં આવશે. હિન્દી કેલેન્ડર મુજબ, ચંદ્રગ્રહણ ફાગણ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાની તારીખે એટલે કે ૨૫ માર્ચ ૨૦૨૪ સોમવારના રોજ થશે. આ ચંદ્રગ્રહણ કન્યા રાશિમાં થશે. વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ સવારે ૧૦.૨૩ વાગ્યાથી શરૂ થશે અને બપોરે ૦૩.૦૨ વાગ્યા સુધી ચાલશે. આ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં જેના કારણે તેનો સુતક સમયગાળો માન્ય રહેશે નહીં. આ ચંદ્રગ્રહણ અમેરિકા, જાપાન, રશિયાના કેટલાક ભાગો, આયર્લેન્ડ, ઈંગ્લેન્ડ, સ્પેન, પોર્ટુગલ, ઈટાલી, જર્મની, ફ્રાન્સ, હોલેન્ડ, બેલ્જિયમ, દક્ષિણ નોર્વે અને સ્વિટ્ઝરલેન્ડમાં દેખાશે. વૈદિક જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ૨૫ માર્ચે થનારું ચંદ્રગ્રહણ તમામ રાશિના લોકોને અસર કરશે, પરંતુ કેટલીક રાશિના લોકો પર આ ચંદ્રગ્રહણની ખાસ અસર પડી શકે છે.

**હિન્દુજા લેલેન્ડ ફાઈનાન્સ**

કોર્પોરેટ ઓફિસઃ નં. ૨૭એ, ડેવલપ્ડ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ-૬૦૦ ૦૩૨.
રજિસ્ટર્ડ ઓફિસઃ પ્લોટ નં. સી-૨૧, ટાવર સી (૧-૩ માળ), જી બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૧
વેબસાઈટઃ www.hindujaleylandfinance.com | CIN: U65993MH2008PLC384221

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે નીચેના દેવાદારો સિક્યોર્ડ લેણદાર પાસેથી તેમના દ્વારા મેળવેલી લોનની સુવિધાના મુળ અને વ્યાજની ચુકવણીમાં નિષ્ફળ ગયા છે અને લોનને નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. તેમને તેમના છેલ્લા જાણીતા સરનામાઓ પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ-૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ જારી કરવામાં આવી હતી, જો કે તે સેવા વિના પરત આવી છે અને આથી તેના વિશે જાહેર સૂચના દ્વારા તેઓને જાણ કરવામાં આવે છે.

**દેવાદાર અને સહ-દેવાદારનું નામ અને સરનામું : ૧) મેસર્સ વિધાતા સુપર સ્ટોર (દેવાદાર)** સરનામું : પ્લોટ નં. ૯૬, ગોવિંદ નગર સોસાયટી, ઉધના, સુરત-૩૯૫૨૧૦ **(૨) શ્રી સુરેશ દીપા રામ ચૌધરી (સહ-દેવાદાર)** સરનામું : પ્લોટ નં. ૯૬, ગોવિંદ નગર સોસાયટી, ઉધના, સુરત-૩૯૫૨૧૦ **(૩) શ્રી બાબુલાલ દીપા રામ ચૌધરી (સહ-દેવાદાર)** સરનામું : પ્લોટ નં. ૯૬, ગોવિંદ નગર સોસાયટી, ઉધના, સુરત-૩૯૫૨૧૦ **લોન એકાઉન્ટ નં. GJSXSE00048 ડીમાન્ડ નોટીસ તારીખ ૦૧-૦૧-૨૦૨૪ મુજબ બાકી રકમ રૂા. ૨૧,૫૦,૦૬૦/- (અંકે રૂપિયા એકવીસ લાખ પચાસ હજાર સાઇઠ પુરા) એનપીએ તારીખ : ૩૦-૦૭-૨૦૧૨**

**મિલકત નં.- ૧ની સૂચિ :** સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા શોપ નં.૧, ગ્રાઉન્ડ ફલોર, ક્ષેત્રફળ ૧૧૫.૭૦ ચો.મી. તેના પર આવેલ સ્કીમ ભગવતી દર્શન સોસાયટી ના નામથી ઓળખાય છે. સર્વે નંબર ૨૬૦ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૨ (ઉધના), ફાઈનલ પ્લોટ નં. ૭૪ જેનું ક્ષેત્રફળ ૧૪૮૨૬ ચો.મી., પૈકી પશ્ચિમ બાજુ, ટીપી રોડ જેનું ક્ષેત્રફળ ૧૪૭૨.૮૦ ચો.મી. પૈકી દક્ષિણ બાજુ ૬૧૫.૨૪ ચો.મી. ઉધના બમરોલી રોડ મૌજે ઉધના, સીટી સુરત, જે સુરેશ દિપારામજી ચૌધરી ની માલીકીની છે. અને નીચે મુજબની ચતુર્સીમાઓ : ઉત્તરઃ ઓફિસ નં. ૨, દક્ષિણઃ ઓફિસ દિવાલ, પૂર્વઃ પેસેજ, પશ્ચિમઃ ઓફિસ દિવાલ.

**મિલકત નં.- ૨ની સૂચિ :** સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા શોપ નં.૨, ગ્રાઉન્ડ ફલોર, ક્ષેત્રફળ ૧૯૮. ચો.મી. તેના પર આવેલ સ્કીમ ભગવતી દર્શન સોસાયટી ના નામથી ઓળખાય છે. સર્વે નંબર ૨૬૦ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૨ (ઉધના), ફાઈનલ પ્લોટ નં. ૭૪ જેનું ક્ષેત્રફળ ૧૪૮૨૬ ચો.મી., પૈકી પશ્ચિમ બાજુ, ટીપી રોડ જેનું ક્ષેત્રફળ ૧૪૭૨.૮૦ ચો.મી. પૈકી દક્ષિણ બાજુ ૬૧૫.૨૪ ચો.મી. ઉધના બમરોલી રોડ મૌજે ઉધના, સીટી સુરત, જે સુરેશ દિપારામજી ચૌધરી ની માલીકીની છે. અને નીચે મુજબની ચતુર્સીમાઓ : ઉત્તરઃ ઓફિસ નં. ૨, દક્ષિણઃ ઓફિસ દિવાલ, પૂર્વઃ પેસેજ, પશ્ચિમઃ ઓફિસ દિવાલ.

**નોટિસની અવેજી સેવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. ઉપરોક્ત દેવાદાર/ઓ અને/અથવા તેમના જામીનદારોને (જ્યાં પણ લાગુ હોય) સલાહ આપવામાં આવે છે કે તેઓ આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસના સમયગાળાની અંદર બાકીની ચૂકવણી કરે, જે નિષ્ફળ જાય તો, ૬૦ દિવસની સમાપ્તિ પછી આગળનાં પગલાં લેવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન અને રિ-કન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ.**

તારીખ : ૧૧-૦૧-૨૦૨૪ — હિન્દુજા લેલેન્ડ ફાઈનાન્સ લિ.
સ્થળ : સુરત — અધિકૃત અધિકારી

**શેખાવતી**

**શેખાવતી પોલી-યાર્ન લિમીટેડ**

SHEKHAWATI — Peaking growth. Scaling success.

(An ISO 9001:2015 પ્રમાણિત કંપની)

**૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા કવાર્ટર અને નવ મહિના માટે અનઓડિટેડ નાણાંકીય પરીણામોના નિવેદનના આર્ક**

(રકમ લાખમાં)

| ક્રમ નં. | વિગતો | કવાર્ટર સમાપ્ત | | | નવ મહિના સમાપ્ત | | વર્ષ સમાપ્ત |
|---|---|---|---|---|---|---|---|
| | | ૩૧.૧૨.૨૦૨૩ (અનઓડિટેડ) | ૩૦.૦૯.૨૦૨૩ (અનઓડિટેડ) | ૩૧.૧૨.૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૧.૧૨.૨૦૨૩ (અનઓડિટેડ) | ૩૧.૧૨.૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૧.૦૩.૨૦૨૩ (ઓડિટેડ) |
| 1 | કામગીરીમાંથી કુલ આવક (નેટ) | 1,823.62 | 2,700.34 | 2,608.97 | 6,098.02 | 26,069.91 | 30,369.37 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો / નુકશાન (કર પહેલા અસાધારણ અને / અથવા અસાધારણ વસ્તુઓ) | 235.96 | 829.47 | (265.97) | 857.91 | (1,876.81) | (2,118.13) |
| 3 | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો /નુકશાન (અસાધારણ અને / અથવા અસાધારણ વસ્તુઓ) | 235.96 | 829.47 | (265.97) | 857.91 | (1,876.81) | (2,118.13) |
| 4 | કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / નુકશાન (અસાધારણ અને / અથવા અસાધારણ વસ્તુઓ) | 235.96 | 829.47 | (265.97) | 857.91 | (1,876.81) | (2,118.13) |
| 5 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક (કર પછી) સમયગાળા માટે નફો / નુકશાન નો અને અન્ય વ્યાપક આવક | 235.96 | 829.47 | (265.97) | 857.91 | (1,876.81) | (2,140.06) |
| 6 | ઈક્વિટી શેર કેપીટલ (ફેસ વેલ્યુ રૂા. ૧/- પ્રતિ શેર) | 3,447.00 | 3,447.00 | 3,447.00 | 3,447.00 | 3,447.00 | 3,447.00 |
| 7 | અન્ય ઈક્વિટી (પુનઃ મુલ્યાંકન અનામત સિવાય) | - | - | - | - | - | (18,138.13) |
| 8 | શેર દીઠ કમાણી (અસાધારણ વસ્તુઓ પછી) (દરેક રૂા. ૧/-) (એ). મૂળભૂત (બી). પાતળું વચગાળાના સમયગાળા માટે ઈપીએસ વાર્ષિક નથી | 0.07<br>0.07 | 0.24<br>0.24 | (0.08)<br>(0.08) | 0.25<br>0.25 | (0.54)<br>(0.54) | (0.61)<br>(0.61) |

**નોંધ :** ઉપરોકત ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા કવાર્ટર અને નવ મહિનાના અનઓડીટેડ નાણાંકીય પરિણામોના વિગતવાર ફોર્મેટ નો એક અર્ક છે સેબી (લિસ્ટીંગ અને અન્ય ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એકસચેન્જ માં ફાઈલ કરવામાં આવ્યો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા કવાર્ટર અને નવ મહિનાના નાણાંકીય પરીણામો નું સંપૂર્ણ ફોર્મેટ : www.bseindia.com, www.nseindia.com and www.shekhawatiyarn.com પર ઉપલબ્ધ છે.

સ્થળ : મુંબઈ
તારીખ : ૧૧.૦૧.૨૦૨૪

બોર્ડના આદેશ મુજબ
શેખાવતી પોલી-યાર્ન લિમીટેડ વતી
મુકેશ રુઈયા,
ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર,
(ડીન : ૦૦૩૭૨૦૮૩)

રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧૮૫/૧, નરોલી ગામ, કાનડી ફાટક પાસે, નરોલી - ૩૯૬૨૩૫, દાદર અને નગર હવેલી (યુ.ટી.), ટેલિ નં. ૦૭૨૨૬૦૭૧૫૫૫, Email: ho@shekhawatiyarn.com, Website: www.shekhawatiyarn.com CIN: L17120DN1990PLC000440

**WESTERN RAILWAY**

**MATERIAL MANAGEMENT DEPARTMENT**

**E-PROCUREMENT TENDER NOTICE NO. S/03/2024 DATE 11.01.2024**

| Sr.No. | Short Description of item | Quantity | T.O.D. |
|---|---|---|---|
| 19 | PROCUREMENT OF HYDRAULIC MOTOR FOR POH TRACK MACHINES. | 6 Nos | 29-Jan-24 |
| 20 | HIGH CAPACITY POWER CAR | 7 Nos | 01-Feb-24 |
| 21 | SET OF CABLE TERMINAL/SLEEVE FOR THIN WALLED ELASTOMERIC ELECTRON BEAM | 19 Set | 03-Feb-24 |
| 22 | SET OF BATTERY BOXES. | 25 Set | 03-Feb-24 |
| 23 | DESIGN, MANUFACTURING, SUPPLY, INSTALLATION, TESTING & COMMISSIONING OF ELECTRIC OVERHEAD TRAVELLING CRANES (EOT) OF CAPACITY 45T / 6T | 2 Nos | 05-Feb-24 |
| 24 | HIGH REACH PANTOGRAPH | 37 Nos | 05-Feb-24 |
| 25 | TWIN TOWER | 20 Set | 05-Feb-24 |
| 26 | VERTICAL TAKE OFF CABLE HEAD TERMINAL SYSTEM (A-33 BUSHING) | 21 Nos | 06-Feb-24 |
| 27 | MANUFACTURE AND SUPPLY OF GRSP FOR BRIDGE TO RDSO DRAWING NO. T-4107. 2] MANUFACTURE AND SUPPLY OF 6MM THICK GRSP CONFORMING TO RDSO DRG. NO. T-4965. | 5000 Nos<br>540 Set | 07-Feb-24 |
| 28 | MMI CAB CONTROL PANEL FOR MRVC-II EMU RAKE. | 34 Nos | 08-Feb-24 |
| 29 | COMPLETE AIR BELLOW RAISED PANTOGRAPH ASSEMBLY. | 06 Nos | 12-Feb-24 |

Regarding detailed notice EMD, Purchase restrictions and detailed tender conditions, please visit website www.ireps.gov.in and www.wr indianrailways.gov.in

1045 — For Principal Chief Materials Manager

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

**ભૌતિક કબ્જા નોટીસ**

ICICI Bank — બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ, રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલ એસ્ટેટ,થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

**આથી**

સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રકશન ફાઇનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની ક્લમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ (દીવાન હાઉસિંગ ફાયનાન્સ લી. દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકારીએ ) સિક્યોરિટી ઓફ એન્ફોર્સમેન્ટ ના સંબંધમાં ડીએચએફએલ અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે, તેઓ જે લોન મેળવી છે, તેની મૂળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ નિષ્ફળગયા છે , તેથી આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહીં જણાવેલી મિલ્કતનો કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારોનું નામ/ (લોન એકાઉન્ટ નંબર) (ડીએચએફએલ જુનો લેન અને આઈસીઆઈસીઆઈ નવો લેન) | મિલ્કતની વિગત / કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ /ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | શૈલેષકુમાર ઈભાભાઈ બળદાણીયા/આભા ભાઈ કરશનભાઈ બળદાણીયા- QZSUR00005036155 (જુનો ડિએચએફએલ એકાઉન્ટ નં. ૪૧૦૦૦૦૬૭૫૭) | પ્લોટ નં.૪, શ્રી સિધ્ધિવિનાયક રેસી., શિવદર્શન રેસીડેન્સી સામે, વલથાણ ચૌકડી, ગુજરાત સુરત-૩૯૪૧૮૦./ ૦૯ જાન્યુઆરી, ૨૦૨૪. | ૦૬ એપ્રિલ, ૨૦૨૨ રૂા. ૧૪,૫૮,૦૧૧.૦૦/- | સુરત. |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો) અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો ક્લમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ — ઓથોરાઈઝડ ઓફિસર
સ્થળ : સુરત. — આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

**શ્રીરામ ફાયનાન્સ લિ.**

SHRIRAM Finance / SHRIRAM City — MONEY WHEN YOU NEED IT MOST

**હેડ ઓફિસ :** લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - સી-૨, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧. ટેલિ. નં. ૦૨૨ - ૪૨૪૧ ૦૪૦૦, ૦૨૨ ૪૦૬૦, ૩૧૦૦, **વેબસાઈટ :** http://www.shriramfinance.in
**રજીસ્ટર્ડ ઓફિસ :** શ્રી ટાવર્સ, પ્લોટ નં. ૧૪એ, દક્ષિણ ફેઝ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગુન્ડી, ચેન્નઈ - ૬૦૦૦૩૨.
**રાજકોટ શાખા ઓફિસ :** શ્રીરામ ફાયનાન્સ લિ., ઓફિસ નં. ૨૦૩, બીજો માળ, રીગસ બિઝનેશ સેન્ટર, મર્સિડીઝ શોરૂમની ઉપર, ન્યુ સીટી લાઈટ રોડ, વેસુ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૭.

**પરિશિષ્ટ-૪-એ** (નિયમ ૮(૫) અને ૯(૧) ની જોગવાઈ જુઓ) **સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

**નોંધ : જાણ કરવામાં આવે છે કે NCLT ચેન્નઈના આદેશ મુજબ "શ્રીરામ સીટી યુનિયન ફાઈનાન્સ લિમીટેડ" ને "શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ લિમીટેડ" સાથે જોડવામાં આવ્યું છે. ત્યારબાદ "શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ લિમીટેડ" નું નામ બદલી ને "શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડ" તરીકે તા. ૩૦.૧૧.૨૦૨૨ ના રોજ ફેરફાર કરવામાં આવેલ છે અને ઈનકોર્પોરેશનના પ્રમાણપત્ર તા. ૩૦.૧૧.૨૦૨૨ ના રોજ પ્રભાવિત કરવામાં આવ્યું હતું.**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૯(૧) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો શ્રીરામ ફાયનાન્સ લિમીટેડ પાસે ગીરો / ચાર્જ કરેલ છે. **શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ સીટી યુનિયન ફાઈનાન્સ લિમીટેડ તરીકે ઓળખાતું હતું)** ના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** લેવામાં આવ્યો છે તે **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "જે ત્યાં છે"** પર વેચવામાં આવશે **તા. ૩૦.૦૧.૨૦૨૪ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧.૦૦ વાગ્યાની** વચ્ચે શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડને બાકીની રકમની વસુલાત માટે ઈ-હરાજીના આધારે, ટેબલમાં જણાવ્યા મુજબ, ઉધારકર્તા અને જામીનદારો અને બાંયધરી આપનારની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું ટુંકું વર્ણન અને તેના પર જાણીતા બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બાનાની થાપણ અને બીડ વધારવાની રકમ પણ આપવામાં આવે છે.

| ઉધારકર્તાઓ / સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ | ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળની બાકી રકમ અને તારીખ | અર્નેસ્ટ મની ડીપોઝીટની વિગતો (ઈએમડી) વિગતો | હરાજીની તારીખ અને સમય | સંપર્ક વ્યકિત અને નિરીક્ષણ ની તારીખ |
|---|---|---|---|---|
| (૧). મહીસાગર મેટલ કાસ્ટ, પ્રોપ્રાઈટર કંદોરીયા રાયડે એસ, આર્યન એસ્ટેટ, પ્લોટ નં. ૫, સંધ્યા પુલની પાસે, જામનગર - ૩૬૧૦૦૪, (૨). કંદોરીયા રાયડે એસ, કૈલાશનગર, રડાર રોડ, પાનાખાન, જામનગર - ૩૬૧૦૦૪, (૩). ઝીઝુવાડી હેમંતભાઈ જે, એ/૩૩, શ્રી બહુચર કૃપા, કૈલાશ નગર, શીતલ સ્કુલની પાસે, ગોકુલ નગર, જામનગર - ૩૬૧૦૦૪. (૪). દેવરખીબાઈ પરબતભાઈ ધ્રાગું, દ્વારકેશ - ૩, પ્લોટ નં. ૨૬/૨, સંધ્યા પુલની પાસે, જામનગર - ૩૬૧૦૦૪. (૫). રાંભીબેન ડી ધ્રાગું, દ્વારકેશ - ૩, પ્લોટ નં. ૨૬/૨, સંધ્યા પુલની પાસે, જામનગર - ૩૬૧૦૦૪. (૬). મહીસાગર એન્ટરપ્રાઈઝ તેમના ભાગીદાર શ્રી કંદોરીયા રાયદે એસ, આર્યન એસ્ટેટ, પ્લોટ નં. ૫, સંધ્યા પુલની પાસે, જામનગર - ૩૬૧૦૦૪, ------------- પઝેશનની તારીખ અને પઝેશનનો પ્રકાર : ૦૪.૧૧.૨૦૨૩ (પ્રત્યક્ષ કબજો) ------------- બોજો જાણમાં : રેવન્યુ રેકોર્ડ મુજબ | રૂા. ૫૦,૩૬,૨૦૨/- (રૂા. પચ્ચાણું લાખ છત્રીસ હજાર બસ્સો બે પુરા) તા. ૨૬.૦૯.૨૦૨૨ ના રોજ ગિરવે મુકેલની રકમ મુજબ એકાઉન્ટ નં. RSJAMTF2107210001 & RSJAMTF2107240001 & RSJAMTF2011180001 ચડત વ્યાજ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથે ------------ ડીમાન્ડ નોટીસ તારીખ : ૧૮.૧૦.૨૦૨૨ ---------- ફોરકલોઝર રકમ : રૂા. ૬૧,૭૩,૪૧૫/- (રૂા. એકસઠ લાખ તોત્તેર હજાર ચારસો પંદર પુરા), તા. ૩૧.૦૧.૨૦૨૪ ના રોજ ફોરકલોઝર મુજબ ની રકમ | શ્રીરામ ફાયનાન્સ લિમીટેડની તરફેણમાં નીચે દર્શાવેલ ખાતાની વિગતોમાં RTGS / NEFT દ્વારા EMD રકમ જમા કરવાની રહેશે. ---------- બેંકનું નામ : એકિસસ બેંક લિમીટેડ ---------- શાખા : ડૉ. રાધાકૃષ્ણન સલાઈ, માયલાપુર, ચેન્નઈ. ---------- બેંક એકાઉન્ટ નં. ચાલુ ખાતા નં. ૦૦૬૦૧૦૨૦૦૦૬૭૪૪૯ IFSC Code : UTIB0000006 ---------- સેવા પ્રદાતાની વેબસાઈટ : https://eactions.samil.in બિડ દસ્તાવેજો માટે હરાજી માટે મુકરવામાં આવેલી મુકરર મિલકતોની વિગતો / બીડ મેળવવા માટે | તા. ૩૦.૦૧. ૨૦૨૪ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી | શ્રી હિતેશ સોનારા (મો) : ૭૭૭૭૯૯૯૦૨૭ --------- શ્રી દેબજયોતિ રોય (મો) : ૯૮૭૪૭૦૨૦૨૧ -------- નિરીક્ષણની તારીખ : ૨૩.૦૧.૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી |

**-: મિલકતનું વર્ણન :-**

**મિલકત નં. ૧ :** જામનગર સીટી, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશનની હદદમાં આવેલ, શંકર ટેકરી થી જાણીતો એરીયા, ઈન્દીરા માર્ગ ઉપર, જમીનનો આર. એસ. નં. ૧૪૦૬ પૈકી, ક્ષેત્રફળ ૨૧૨૪૬.૦૦ સ્કે.મી., અલગ - અલગ ૧ થી ૧૨૪ રહેણાંક પ્લોટમાં સબ પ્લોટ માં કરેલ ઓર્ડર નં. JMC/TP/le-Out/29/2402/1997-1998, Date : 28.11.1997, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન ત્યાર બાદ કલેકટર જામનગર દ્વારા ખેતીની જમીનને બિન ખેતીની જમીનમાં ફેરવવામાં આવેલ ઓર્ડર નં. JMN/2/Bi Khe/Reg. No. 16/1997, Date : 11.12.1997.

રહેણાંક પ્લોટમાંથી, પ્લોટ નં. ૩૬, પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ ૧૧૦.૦૦ સ્કે. મી. અને બાંધકામના એરીયાનું ક્ષેત્રફળ ૯૦.૫૫ સ્કે.મી.

**ચતુઃસીમા :- ઉત્તરે :** જે સ્થિત પ્લોટ નં. ૩૫, **દક્ષિણે :** જે સ્થિત પ્લોટ નં. ૩૭, **પૂર્વે :** જે સ્થિત પ્લોટ નં. ૩૯, **પશ્ચિમે :** જે સ્થિત જાહેર રોડ.

- **અનામત કિંમત : રૂા. ૪૧,૬૭,૯૦૦/- (રૂા. એક્તાલીસ લાખ સડસઠ હજાર નવસો પુરા)**
- **ઈએમડી ની રકમ રૂા. ૪,૧૬,૭૯૦/- (રૂા. ચાર લાખ સોળ હજાર સાતસો નેવું પુરા)**

**મિલકત નં. ૨ :** જામનગર સીટી, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશનની હદદમાં આવેલ, શંકર ટેકરી થી જાણીતો એરીયા, ઈન્દીરા માર્ગ ઉપર, જમીનનો આર. એસ. નં. ૧૪૦૬ પૈકી, ક્ષેત્રફળ ૨૧૨૪૬.૦૦ સ્કે.મી., અલગ - અલગ ૧ થી ૧૨૪ રહેણાંક પ્લોટમાં સબ પ્લોટ માં કરેલ ઓર્ડર નં. JMC/TP/le-Out/29/2402/1997-1998, Date : 28.11.1997, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન ત્યાર બાદ કલેકટર જામનગર દ્વારા ખેતીની જમીનને બિન ખેતીની જમીનમાં ફેરવવામાં આવેલ ઓર્ડર નં. JMN/2/Bi Khe/Reg. No. 16/1997, Date : 11.12.1997.

આ રહેણાંક પ્લોટ પૈકી, પ્લોટ નં. ૩૩ ને જામનગર મહાનગરપાલીકા ના હુકમથી ૨ પેટા પ્લોટ, સબ પ્લોટ નં. ૩૩/એ અને ૩૩/બી માં વિભાજીત કરવામાં આવેલ. રહેણાંક પ્લોટમાંથી, પ્લોટ નં. ૩૩/એ, પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ ૫૫.૦૦ સ્કે. મી. અને બાંધકામના એરીયાનું ક્ષેત્રફળ ૪૫.૨૮ સ્કે.મી.

**ચતુઃસીમા :- ઉત્તરે :** સબ પ્લોટ નં. ૩૨/બી, **દક્ષિણે :** સબ પ્લોટ નં. ૩૩/બી, **પૂર્વે :** સબ પ્લોટ નં. ૪૨/બી, **પશ્ચિમે :** ૬.૦૦ મી. પહોળો રોડ.

- **અનામત કિંમત : રૂા. ૨૨,૦૪,૧૦૦/- (રૂા. બાવીસ લાખ ચાર હજાર એકસો પુરા)** • **ઈએમડી ની રકમ રૂા. ૨,૨૦,૪૧૦/- (રૂા. બે લાખ વીસ હજાર ચારસો દસ પુરા)**

**સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૯(૧) હેઠળ વૈધાનિક ૧૫ દિવસની સૂચના**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને લિંકનો સંદર્ભ લો અને શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડ વેબસાઈટ **https://www.shriramfinance.in/auction** માં પ્રદાન કરવામાં આવે છે.

સહી/-,
**સ્થળ : જામનગર, તારીખ : ૧૩.૦૧.૨૦૨૪** — **અધિકૃત અધિકારી, શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડ**